અપીલ અરજી નં.૧૬૮ તા.૩–૮–૧૦/૧૧

અરજદારઃ– શ્રી શાહ અનિલકુમાર ચુનીલાલજી

સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મ.ભ.યો.)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી શાહ અનિલકુમાર ચુનીલાલજીની તા.૨૫–૬–૧૦ની અરજીથી વર્ષ ૨૦૧૦–૧૧ માટે સુરત શહેરની શાળાઓમાં આપવામાં આવતા મધ્યાહન ભોજન યોજના હેઠળની ગોળ,મરી ,મસાલા , શાકભાજી અને વાહતુક માટે બહાર પડેલા ટેન્ડરની નિવિદાની પ્રમાણિત નકલ વિ. મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**–(૧) અરજદાર મજકુરની તા.૩–૮–૧૦ ની **SMC/FAP/** નં.૧૬૮/૨૦૧૦–૧૧
(૨) કલેકટર કચેરીના પત્ર નં.પીઆરઓ/આરટીઆઈ/અપીલ/૩૩૨/વશી/૫૧૩૦/૧૦ તા.૫–૮–૧૦ થી તબદીલ અપીલ.

શ્રી શાહ અનિલકુમાર ચુનીલાલજીની તા.૨૫–૬–૧૦ની અરજીથી વર્ષ ૨૦૧૦–૧૧ માટે સુરત શહેરની શાળાઓમાં આપવામાં આવતા મધ્યાહન ભોજન યોજના હેઠળની ગોળ,મરી ,મસાલા , શાકભાજી અને વાહતુક માટે બહાર પડેલા ટેન્ડરની નિવિદાની પ્રમાણિત નકલ વિ. મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મભય/રા.ટુ.ઈ./ વશી/ આ.નં.૧૬૭ તા.૨૦–૭–૧૦ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૮–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા વધુમાં બાબત હેઠળના ટેન્ડર સિવાયની માહિતી નહીં આપવા માટે વાજબીપણું રજૂ કરવા અને જાહેર માહિતી અધિકારી તરીકે અપીલના મુદ્દા પરત્વે તેમનો પક્ષ રજૂ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૪૧ તા.૩૦–૮–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મ.ભ.યો.) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૫–૬–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી માંગતી અરજી ડે.કલેકટરશ્રી મ.ભ.યો. સુરત સીટીને કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) વર્ષ ૨૦૧૦–૧૧ માટે સુરત શહેરની શાળાઓમાં આપવામાં આવતા મધ્યાહન ભોજન યોજના હેઠળની ગોળ,મરી ,મસાલા , શાકભાજી અને વાહતુક માટે બહાર પડેલા ટેન્ડરની નિવિદાની પ્રમાણિત નકલ. મુદ્દા નં.(૨) આવેલા ટેન્ડર, તુલનાત્મક પત્રકની પ્રમાણિત નકલ. મુદ્દા નં.(૩) ટેન્ડર સાથે સામેલ તમામ ડોકયુમેન્ટસની પ્ર માણિત નકલ. મુદ્દા નં.(૪) મંજુર થયેલા ભાવ અને કઈ પાર્ટીના મંજુર થયા છે તેની સંપુર્ણ વિગતોની પ્રમાણિત નકલ. મુદ્દા નં.(૫) વર્ષ ૨૦૦૮–૦૯ અને ૨૦૦૯–૧૦ દરમ્યાન ખરીદ કરેલ ચીજવસ્તુઓના મંજુર થયેલ ભાવની પ્રમાણિત નકલ. મુદ્દા નં.(૬) વર્ષ ૨૦૦૯–૧૦ દરમ્યાન ખરીદવામાં આવેલા જથ્થાની વિગત. મુદ્દા નં.૭ વર્ષ ૨૦૧૦–૧૧ ના વર્ષમાં ખરીદવામાં આવનારા અંદાજિત જથ્થાની વિગત. મુદ્દા નં.૮ વર્ષ ૨૦૧૦–૧૧ માં ૧૦ લાખથી વધુની ખરીદી હોય ઈ–ટેન્ડરીંગ કેમ કરવામાં આવેલ નથી. ઈ–ટેન્ડરીંગ ન કરવા માટે સરકારશ્રીનો કોઈ પરિપત્ર હોય તો પરિપત્રની પ્ર માણિત નકલ. સમય મર્યાદામાં નિયમોઅનુસારની કાર્યવાહી કરીને પૂરી પાડવાની માંગણી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અીધકારી તરફથી પત્ર નં.મ.ભ.યો./આરટીઆઈ/વશી/૨૦૧૦ /આ.ન.૧૬૭ તા.૨૧–૭–૧૦ થી " તા.૨૫–૬–૧૦ ના રોજ કરેલી અરજી મ.ભ.ય. કચેરીમાં મળેલ છે જે અન્વયે જણાવવાનું કે હાલમાં ટેન્ડરની કામગીરી ચાલુ હોય પૂર્ણ થયેથી તમોએ માંગેલ માહિતી આપવામાં આવશે" તેવું જણાવેલ. જે બાબતે અરજદારે માંગેલ માહિતી પૂરી પાડેલ નથી જેટલી પ્રક્રિયા પૂરી થઈ હોય તેટલા દસ્તાવેજો પૂરા પાડેલ નથી તેવું જણાવી તા.૩–૮–૧૦ ના રોજ અપીલ અધિકારી કલ ેકટર મ.ભ.યો. સુરત ને અપીલ અરજી કરેલ છે. જે બાબતે કલેકટર સુરત તરફથી પત્ર નં.પીઆરઓ/આરટફીઆઈ/અપીલ નં.૩૩૨/ વશી / ૫૧૩૦ / ૧૦ કલેકટર કચેરી નાનપુરા પીઆરઓ શાખા તરફથી તા.૫–૮–૧૦ ના રોજ તબદીલ કરવામાં આવેલ જે અત્રેની સુરત મહાનગરપાલિકા કચેરીએ તા.૨૧–૮–૧૦ ના રોજ મળેલ છે. જેના સંદર્ભે અત્રેથી જાહેર માહિતી અધિકારી પાસેથી અપીલ તબકકે બાબત હેઠળના ટેન્ડર સિવાયની માહિતી નહીં આપવા માટે વાજબીપણું અને બચાવપક્ષ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ તબકકે કોઈ વિગતો અત્રેથી મળેલ નથી. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને જે માહિતી પૂરી પાડવામાં આવેલ છે તે ૨૦૧૦–૧૧ ના ટેન્ડરોની કાર્યવાહીને લગતી માહિતી જણાવવામાં આવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ આરટીઆઈ એકટની કલમ–૮(૧)(ટ) હેઠળ મંત્રી મંડળ અને અધિકારીઓના વિચાર વિમર્શના કાગળો નિર્ણયની પ્રક્રિયા સંપન્ન થયેલ ન હોય ત્યાં સુધી અપવાદ હેઠળ ગણાય તેથી તે રીતે પ્રત્યુત્તર આપવાનો રહેતો હતો. પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી તેવું કરવામાં આવેલ નથી. વધુમાં અરજદારને મુદ્દા નં.૧ બહાર પાડેલા ટેન્ડરની માહિતી તથા મુદ્દા નં.૫ અને ૬સને ૨૦૦૮–૦૯ , ૨૦૦૯–૧૦ ની માહિતી તેમજ ૧૦ લાખથી વધુ ખરીદી અંગેની ટેન્ડર અંગેની જોગવાઈની માહિતી સને ૨૦૧૦–૧૧ ના ટેન્ડર બાબતેની કાર્યવાહીને સ્પર્શતી ન હ વા છતાં અરજદારને પૂરી પાડવામાં આવેલ નથી. જે જાહેર માહિતી અધિકારી તરફથી યોગ્ય અપવાદ વિના ઈન્કાર કરેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી માહિતી પૂરી પાડવા તથા જો ટેન્ડરની કાર્યવાહી પૂર્ણ થયેલ ન હોય તો તેટલા પૂરતી અપવાદ હેઠળ ઈન્કાર કરવાનો રહે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારે તા.૨૫–૬–૧૦ ની અરજીથી માંગેલ માહિતી  પૈકી મુદ્દા નં.૨ થી ૪ અંગે જાહેર માહિતી અધિકારીએ  કરેલ માહિતીનો ઈન્કાર પ્રસ્તુત તબકકે બહાલ રાખવામાં આવે છે. પરંતુ મુદ્દા નં.૧ તથા  ૫ થી ૮ ની માહિતી કાયદા હેઠળના  અપવાદનું  વાજબીપણું  નહીં હોવા છતાં  માહિતીનો ઈન્કાર  કરેલ હોઈ ડે.કમિ. (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મ.ભ.યો.)  ને મુદ્દા નં.૧ તથા ૫ થી ૮ ની માહિતી અત્રેની જાણ હેઠળ  દિન–૭ માં અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે  પૂરી પાડવા  જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :       –૯–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધકારી(મ.ભ.યો.) .. ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી શાહ અનિલકુમાર ચુનીલાલજી,